અપીલ અરજી નં.૧૨૮ તા.૯–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૭–૬–૧૦ ની અરજીથી ઉધનાઝોનમાં નિર્દિષ્ટ તારીખોએ ઉધનાઝોનના દર્શાવેલ અધિકારીઓને ટેન્કરો તથા બોરીંગના કારણે ગેરકાયદેસર પાઈપો ધ્વારા પાણી સપ્લાય વિગેરે થી રોડને થતા નુકશાન બાબતે કરેલ (૧) પ્રતિ, ડી.સી.ગાંધી ક્રાંતિધર્મ ૨૨–૪–૧૦ (૨) પ્રતિ, કા.પા.ઈ. ક્રાંતિધર્મ ૧૪–૫–૧૦(૩)પ્રતિ, રોડ અધિકારી ક્રાંતિધર્મ ૧૪–૫–૧૦ (૪) ડે.કમિ.શ્રી જનરલ ક્રાંતિધર્મ ૧૭–૫–૧૦ આ સાથે ચારેય અરજીઓ જેને સંબોધીત કરેલ છે તેઓ ધ્વારા શું રીમાર્ક કરેલ છે તેના અનુસંધાનમાં શું શું કાર્યવાહી થયેલ છે તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના સજજડ કારણો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સાથે માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૭–૬–૧૦ ની અરજીથી ઉધનાઝોનમાં નિર્દિષ્ટ તારીખોએ ઉધનાઝોનના દર્શાવેલ અધિકારીઓને ટેન્કરો તથા બોરીંગના કારણે ગેરકાયદેસર પાઈપો ધ્વારા પાણી સપ્લાય વિગેરે થી રોડને થતા નુકશાન બાબતે કરેલ (૧) પ્રતિ, ડી.સી.ગાંધી ક્રાંતિધર્મ ૨૨–૪–૧૦ (૨) પ્રતિ, કા.પા.ઈ. ક્રાંતિધર્મ ૧૪–૫–૧૦(૩)પ્રતિ, રોડ અધિકારી ક્રાંતિધર્મ ૧૪–૫–૧૦ (૪) ડે.કમિ.શ્રી જનરલ ક્રાંતિધર્મ ૧૭–૫–૧૦ આ સાથે ચારેય અરજીઓ જેને સંબોધીત કરેલ છે તેઓ ધ્વારા શું રીમાર્ક કરેલ છે તેના અનુસંધાનમાં શું શું કાર્યવાહી થયેલ છે તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના સજજડ કારણો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સાથે માહિતી પુરી પાડવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૬ તા.૧૬–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૬–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ બાબતે ઉધનાઝોનના જુદા જુદા અધિકારીઓને તા.૨૨–૪–૧૦,૧૪–૫–૧૦ ની બે અને તા.૧૭–૫–૧૦ ના રોજ પ્રમખપાર્ક,ઘનશ્યામ કોમ્પલેક્ષ, પાંડેસરા સ્થિત તથા પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં રોડ બનાવવા, રોડ તોડનાર સામે કાર્યવાહી ગેરકાયદેસર પાઈપ ધ્વારા પાણી સપ્લાય તથા ગેરકાયદેસર બાંધકામ પાંડેસરામાં મંજુરી વગર અન્ડર ગ્રા. પાઈપ લાઈન નાંખી પાણીનો ગેરકાયદે થી વેપાર કરનાર , ટેન્કરો તથા બોરીંગના કારણે રોડને વ્યાપક નુકશાન થવાથી રોડ તાત્કાલીક બનાવવા મહાનગરપાલિકાની પરવાનગી વિનાના તમામ કામકાજો બંધ કરાવવા વિગેરે બાબતે કરેલ ફરીયાદ અરજી બાબત કરેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નિર્ણય મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૯–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. માહિતી કે કોઈ નિર્ણય સમય મર્યાદામાં ન આપનાર વિરુધ્ધ પગલા ભરવાની અને માહિતી અપાવવાની રજૂઆત કરવામાં આવેલ છે. જેના સંદર્ભે જાહેર મીહતી અધિકારી તરફથી કોઈ મીહતી કે વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળઅપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૭–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,